# મધ્ય ગુજરાતમાં રાહુલને પ્રચંડ પ્રતિસાદ

## જય શાહની કંપની અચાનક કેવી રીતે કરોડોની કમાણી કરતી થઇ : રાહુલે અમિત શાહના પુત્રની કંપનીના મુદ્દે ગંભીર સવાલો ઉઠાવ્યા : વડોદરામાં રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓની સાથે સીધો સંવાદ કર્યો : કોંગ્રેસની સરકાર લોકોની જ સરકાર રહેશેઃ મોદી મનની વાત સાંભળતા નથી : રાહુલ

અમદાવાદ, તા.૯

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહની કંપની અચાનક કેવી રીતે કરોડો રૂપિયાની ધીકતી કમાણી કરતી થઈ ગઈ? વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સ્ટાર્ટ અપ ઈન્ડિયા સ્કીમ શાહ સ્ટાર્ટ અપ જણાય છે કારણ કે, માત્ર છ-સાત વર્ષ જૂની અમિત શાહના પુત્ર જય શાહની કંપની અચાનક કેવી રીતે કરોડો રૂપિયાની કમાણી કરતી બની ગઈ? આ ગંભીર સવાલો કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે વડોદરામાં પોતાના ચૂંટણી પ્રવાસ દરમ્યાન જનતા સમક્ષ ઉઠાવ્યા હતા. રાહુલ ગાંધીએ વડોદરાના સયાજીહોલ ખાતે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો અને તેમના પ્રશ્નોના પ્રત્યુત્તર પણ આપ્યા હતા. રાહુલ ગાંધીએ ફરી એકવાર ખાતરી આપી હતી કે, કોંગ્રેસની સરકાર આવશે તો, તે માત્ર ત્રણ-ચાર ઉદ્યોગપતિઓની સરકાર નહી પરંતુ સામાન્ય લોકોની સરકાર હશે, કોંગ્રેસની સરકાર લોકોની સરકાર બનીને કામ કરશે. રાહુલ ગાંધીએ મધ્ય ગુજરાતના ચૂંટણી પ્રવાસના આજના બીજા દિવસે પણ મોદીની મનની વાત પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના મનની વાત લોકોને કરે છે પરંતુ લોકોના મનની વાત સાંભળતા નથી. જો કે, કોંગ્રેસની સરકારમાં મારા મનની વાત જેવું કંઇ નહી હોય. પ્રજા કોંગ્રેસની સરકારની ટીકા-આલોચના પણ કરી શકશે અને સરકાર પણ પ્રજાની આલોચનાને હકારાત્મકતાથી લઈ તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવશે. તેમણે ઉદ્યોગજગતના પતન વિશે ચિંતા વ્યકત કરતાં જણાવ્યું હતું કે, મોદી સરકાર દ્વારા આજે માત્ર આઠ-દસ ઉદ્યોગપતિઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે પરંતુ લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને ટકાવી રાખવા તેઓને પ્રોત્સાહન આપવાની તાતી જરૂરિયાત છે. રાહુલ ગાંધીએ મોદીના માનીતા અદાણી જૂથને પણ પોતાના પ્રવચનમાં નિશાના પર લીધુ હતુ અને જણાવ્યું હતું કે, અદાણીનો છેક ઓસ્ટ્રેલિયામાં પણ પ્રચંડ વિરોધ થઈ રહ્યો છે, તેના પરથી સમજી શકાય તેમ છે. નોટબંધી અને જીએસટીના મુદ્દે પણ રાહુલ ગાંધીએ મોદી પર આકરા પ્રહારો કર્યા હતા કે, નોટબંધી અને જીએસટીના કારણે દેશની અર્થ વ્યવસ્થાની કમર તૂટી ગઈ છે. નોટબંધી અને જીએસટીએ દેશની જીડીપી નષ્ટ કરી નાંખી છે. તેમણે પેટ્રોલ-ડિઝલ ભાવવધારાના મુદ્દે પણ રાહુલ ગાંધીએ મોદી સરકાર પર ચાબખા માર્યા હતા કે, જયારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવો ઘટી ગયા છે, તો દેશમાં કેમ પેટ્રોલ-ડિઝલના ભાવો ભડકે બળે છે. વિદ્યાર્થીઓ સાથેના સંવાદમાં રાહુલ ગાંધીએ જણાવ્યુ કે, ગુજરાતમાં શિક્ષણનું ભાજપના રાજમાં ૯૫ ટકા વ્યાપારીકરણ થઇ ગયું છે. ભાજપે શિક્ષણને નફાનું સાધન બનાવી દીધું.



### કંપની સમાચાર

## 'સ્કિલ ઈન્ડિયા' અભિયાનને એજ્યુવર્ક જાપાન પ્રોત્સાહન આપશે

એજ્યુવર્ક જાપાન ઈએલઈ (અર્ન લર્ન અર્ન) પ્રોગ્રામ ઓ-હારા ઓફ બિઝનેસ સાથે જોડાણમાં ચલાવે છે, જેનો ઉદેશ યુવાનોને નાણાંકીય સ્વતંત્રતા સાથે તે પસંદગીના ભવિષ્યનું નિર્માણ કરવા તેમજ તેમના ઉદેશો પાર પાડવા સક્ષમ બનાવવાનો છે. આ વિદ્યાર્થીઓને રોજગારદક્ષ બનાવવામાં માને છે અને એટલે જાપાનમાં તેમના શૈક્ષણિક વર્ષના મહિનાથી પાર્ટ ટાઈમ જોબમાં સામેલ કરી શકાય તેવો ડિપ્લોમાં પ્રોગ્રામ ડિઝાઈન કર્યો છે, પરિણામે વિદ્યાર્થીઓ તેમનો ખર્ચ (ટ્યુશન ફી અને રહેવાનો ખર્ચ) બહાર કાઢી શકે છે. વિદ્યાર્થીઓને તાલીમ મળે છે તેમજ જાપાનની કાર્યસંસ્કૃતિ સમજવાની તક સાંપડે છે. એજ્યુ. ઈન્સ્ટિટ્યૂટ ઓ-હારા ગાકુએન સામાજિક વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધ અને સ્પેશ્યલાઈઝ એજ્યુકેશન વિદ્યાર્થીઓના ભવિષ્યને આકાર આપવા કટિબદ્ધ છે. ઓ-હારા હોક્કાઈડોથી ઓકિનાવા સુધી શહેરોમાં રાષ્ટ્રીય સ્તરે કિન્ડરગાર્ટન, હાઈસ્કૂલ, વોકેશનલ સ્કૂલ અને ગ્રેજુએટ સ્કૂલ સહિત સંચાલન કરે છે. પ્રધાનમંત્રી મોદીના 'સ્કિલિંગ ઈન્ડિયા' અભિયાનને પ્રોત્સાહન આપવા એજ્યુવર્ક જાપાને ભારત શહેરોમાં એડમિશન ફેર અને વર્કશોપ્સનું આયોજન કર્યું છે, જેમાં ગુજરા, પંજાબ, ઉત્તરાખંડ, તમિલનાડુ, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ઉત્તર પૂર્વના ૬ રાજ્યોના મુખ્ય શહેરોને આવરી લે છે.

## મેડિકલ કોલેજ આપવાની આડમાં પાલનપુર સિવિલના ખાનગીકરણનો વિવાદ વકર્યો

બનાસકાંઠાને મેડિકલ કોલેજ આપવાની આડમાં પાલનપુર સિવિલના ખાનગીકારણનો વિવાદ વકરતો જાય છે. પાલનપુર સિવિલના ખાનગીકરણ તથા સિવિલમાં કાર્યરત નર્સિંગ કોલેજ અને હોસ્ટેલના સ્થળાંતરના વિરોધમાં આજે આમ આદમી પાર્ટી સહિત નર્સિંગની છાત્રાઓ સહિત વાલીઓએ બાંયો ચડાવી હતી. "આપ"એ ધરણાં યોજી પ્રતીક ઉપવાસ કરી આરોગ્ય મંત્રી ના રાજીનામાની માંગ કરી હતી. જયારે છાત્રાઓ સહિત વાલીઓ એ રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. બનાસકાંઠામા રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા પોતાની ચેરમેનશીપ હેઠળની બનાસડેરી સંચાલિત ખાનગી ટ્રસ્ટને સરકારી મેડિકલ કોલેજ ફાળવાઈ છે. જેને પગલે ખાનગી ટ્રસ્ટ દ્વારા પાલનપુર સિવિલનુંખાનગીકરણ કરી હસ્તગત કરાઈ છે.જેમાં પાલનપુર સિવિલનુંખાનગીકરણ કરાયુંછે. જેની સામે ભારે વિરોધનો વંટોળ ફૂંકાયો છે. પાલનપુર સિવિલના ખાનગીકરણ બાદ સિવિલ કેમ્પસ માં કાર્યરત નર્સિંગ કોલેજ-હોસ્ટેલ, મેદાની આઈ હોસ્પિટલ તથા પી.પી.યુનિટ અન્યત્ર ખસેડવાનો કરાયેલા નિર્ણયએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. જેની સામે ભારે વિરોધ ફાટી નીકળ્યો છે. આજે પાલનપુર સિવિલના ખાનગીકરણના વિરોધમાં આમ આદમી પાર્ટીએ ભેમાભાઈ ચૌધરીની આગેવાની તળે ધરણાં યોજી પ્રતિક ઉપવાસ કરી "ઓફીસ ઓફ પ્રોફિટ" ના મુદ્દે આરોગ્ય મંત્રી શંકર ચૌધરીના રાજીનામાની માંગ કરી હતી.

જયારે નર્સિંગ કોલેજ-હોસ્ટેલ સિદ્ધપુર ખસેડવાના નિર્ણયથી છંછેડાયેલી નર્સિંગ કોલેજની છાત્રાઓ સહિત વાલીઓએ પણ જિલ્લા પંચાયત સદસ્ય બાલ કૃષ્ણ જીરાલાની આગેવાની તળે " ભાજપ તેરી દાદાગીરી નહીં ચલેગી", "બેટી પઢાવો-બેટી ભગાવો નહી" જેવા બેનરો સાથે પાલનપુર સિવિલમાંથી રેલી યોજી હતી. આ વિશાળ રેલી કલેક્ટર કચેરીએ પહોંચી હતી. જ્યાં આવેદનપત્ર પાઠવી સિવિલના ખાનગીકરણનો વિરોધ કરી નર્સિંગ કોલેજ અને હોસ્ટેલને યથાવત રાખવાની માંગ કરી હતી. આમ, પાલનપુર સિવિલના ખાનગીકારણનો મુદ્દો હવે તુલ પકડતો જાય છે. ત્યારે આગામી વિધાનસભાની ચૂંટણીમાંઆ મુદ્દો ભાજપ માટે ઘાતક નીવડે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.



## શામળાજી પોલીસે ટ્રકમાંથી સંતાડીને લવાતો ૭.૫૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી પોલીસે શનિવારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા મોડી રાત્રે ટ્રકમાંથી ડાંગરના ભૂંસાની થેલીઓની વચ્ચે છુપાવીને લવાતો ૭.૫૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસને થાપ આપી ટ્રક ચાલક નાસી છૂટ્યો હતો.

## દિવાળીની ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિવારોના બજેટમાં રાહત પહોંચે તે માટે રાજ્ય સરકારે આવકમાં ૨૩૧૬ કરોડ રૂપિયાની ઘટ ભોગવશે. આજે ગાંધીનગરમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. રૂપાણીએ કહ્યું હતુ ંકે, નાગરિકોને અને ખેડૂતોને ડીઝલ અને પેટ્રોલની કિંમતમાં રાહત મળે તે માટે વેરામાં ઘટાડો કરવા માટે કહેવામાં આવ્યું હતું. અત્રે નોંધનીય છે કે હાલમાં જ કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો થયા બાદ વેટમાં ઘટાડો કરવા માટે રાજય સરકારોને કહ્યુ હતુ. કેન્દ્ર સરકારની અપીલ બાદ ગુજરાતે તરત જ નિર્ણય કર્યો છે. આ મહિનાની શરૂઆતમાં કેન્દ્ર સરકારે ભારે હોબાળો થયા બાદ પેટ્રોલ અને ડિઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં બે રૂપિયા સુધીનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો હતો. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં વિકાસની તેજ ગતિ જોતા વેપાર ઉદ્યોગથી લઈને ખેતરો સુધી ડીઝલ અને પેટ્રોલિયમ પેદાશોનો ઉપયોગ વધ્યો છે. રાજ્યની એસટી જેવી સેવાકીય જાહેર પરિવહન સેવા પણ ડીઝલની કિંમતો પર વિશેષ રુપે આધારિત છે.

## પ્રજા જાણે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રીઝવવાનો ચૂંટણીલક્ષી પ્રયાસ કર્યો છે. ભાજપના આ સ્વાર્થી રાજકારણને ગુજરાતની જનતા સારી રીતે જાણે છે.

ભાજપ સરકારે અત્યારસુધી ગુજરાતની જનતાને સાડા ચાર વર્ષ સુધી સૌથી વધુ વેટના નામે લૂંટ ચલાવી ભોગ બનાવી અને હવે ચૂંટણી આવી એટલે વેટમાં ઘટાડો કરી પ્રજાને ભરમાવવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ ભાજપે એ ભૂલવું જોઈએ નહી કે, ગુજરાતની જનતા ભોળી જરૂર છે પરંતુ તેમને મૂરખ બનાવવાનો ભાજપનો કારસો ઉંધો વાળી દેશે. આગામી ચૂંટણીમાં ગુજરાતની જનતા મક્કમતાથી ભાજપને જવાબ આપનારી છે.

## અંકુશ આવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામ કરી રહ્યા હતા પરંતુ તેમની આ પ્રવૃત્તિ ઉપર પણ બ્રેક મુકી દેવામાં આવી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, તેમની જમીન ઉપર આતંકવાદના ઉદયને કોઈપણ સભ્ય સમાજ અને દેશ ક્યારે પણ સ્વીકારી લેશે નહીં. કાશ્મીર ખીણમાં ત્રાસવાદી ગતિવિધિ માટે ફંડ આપવા બદલ એક જવાબદાર દેશ તરીકે પાકિસ્તાનના નામનો ઉલ્લેખ કર્યા વગર રાજનાથસિંહે કહ્યું હતું કે, પડોશી દેશમાંથી ફંડ પ્રવાહ ઉપર હવે તપાસ સંસ્થા એનઆઈએ દ્વારાબ્રેક મુકી દેવામાં આવી છે જેના પરિણામ સ્વરુપે ત્રાસવાદીઓની કમર તુટી ગઈ છે. આતંકવાદીઓ અને અલગતાવાદીઓ હચમચી ઉઠ્યા છે. રાજનાથસિંહે દાવા સાથે કહ્યું હતું કે, આ વર્ષે જૂન મહિનામાં એનઆઈએ દ્વારા ત્રાસવાદીઓના ફંડ પ્રવાહ અને તેમની ગતિવિધિમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. જુદા જુદા સ્થળો પર જોરદાર દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ સંસ્થા દ્વારા હજુ સુધી અલ્તાફ શાહ ઉર્ફે ફન્ટુશ, પાકિસ્તાન તરફી અલગતાવાદી લીડર સઈદ અલી શાહ ગિલાનીના જમાઈ સહિત ૧૦ લોકોની ધરપકડ કરી લીધી છે.

## અનિવાર્યતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સક્ષમ ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં અગાઉ ગટરલાઈન અપગ્રેડ કરવા માટે તંત્ર કક્ષાએથી અભ્યાસ પણ હાથ ધરાયો હતો. જેના અંતે સેકટરોમાં ગટર લાઇનની સમસ્યા ડામવા માટે કેટલાક ઠેકાણે વધારાની લાઈન નાંખવામાં આવી છે. પરંતુ સેકટરોમાં દાયકાઓના અંતે ગટરલાઈન સંપુર્ણ રીતે અપગ્રેડ કરવા માટે કોઈ આયોજન થયુ નથી. જુના મેઈન હોલમાં પણ વરસાદી ઋતુ દરમિયાન ગાબડા જોવા મળી રહયા છે. ગત વરસાદી દિવસોમાં તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો હતો. જયારે ગટર લાઈનની સફાઈ માટે અમદાવાદની જેમ મોટુ જેટીંગ મશીન વસાવાની દરખાસ્ત પણ લાંબા સમયથી ધુળ ખાય છે. આ સ્થિતિ વચ્ચે ઉભરાતી ગટરોની ફરિયાદો ડામવાનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ ગટર લાઇનની સાથે પાણીની લાઈન પણ સેકટરોની વસતી અને જરૂરિયાતને ધ્યાને લેતા અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં પાણી ફોર્સથી ન મળતુ હોવાની ફરિયાદો પણ દિનપ્રતિદિન વધતી જાય છે. જુના અને નવા સેકટરોમાં પાણીની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. એક દાયકા પુર્વે સે-૫ માં પાણીની નવી ટાંકીનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે સેકટરોની લાઈન પણ અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાયુ હતુ. સેકટરોમાં કોમન સપ્લાય શરૂ કરાયા બાદ હજુ પણ લાઈન અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે. સેકટરોમાં ટોપોગ્રાફી મુજબ કેટલાક વિસ્તારમાં બારેમાસ પાણી બિલકુલ ફોર્સથી આવતુ ન હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો છે. ત્યારે શહેરમાં પાણી ગટર વ્યવસ્થા યોગ્ય કરવા માટે તંત્ર દ્વારા ત્વરિત આયોજન કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## ચૂંટણીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદારી સોંપવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે તૈયારીઓની સમીક્ષા સંતોષકારક રહી છે અને લોકોની જે અપેક્ષા છે તેને અમે સંતોષી શકીશુ તેવો વિશ્વાસ છે.

તેમણે કહ્યુ હતુ કે મતદારને બે કિ.મી. થી વધુનું અંતર મતદાન માટે કાપવુ ના પડે તેની પણ કાળજી લેવામાં આવી છે. ગુજરાતમાં ૫૦,૧૨૮ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જે ૨૮,૩૬૯ સ્થાનો પર ઉભા કરવામાં આવેલા છે.

ચૂંટણી નિષ્પક્ષ, ભયરહિત વાતાવરણમાં થાય તે માટે ત્રણ ઓબ્ઝરવ મુકવામાં આવશે. જેમાં એક કાયદો અને વ્યવસ્થા માટે, એક સામાન્ય ઓબ્ઝર્વર તેમજ એક નાણાંકીય હિસાબોની ચકાસણી અને તેના માટે રહેશે. ચૂંટણીમાં કાળા નાણાં ઉપયોગને નાથવા માટે ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ પણ ચૂંટણી દરમ્યાન ૨૪-૭ કામગીરી કરશે. આ ઉપરાંત ખાસ ફ્લાઈંગ સ્કવોડ અને સ્ટ્રેટેજીક સર્વેલન્સ કરવામાં આવશે. સામાન્ય માણસને ખોટી પરેશાની ના થાય તેની પણ કાળજી રખાશે.

ફ્લાઈંગ સ્કવોડના વાહનોમાં જી.પી.એસ. સિસ્ટમ પણ રાખવામાં આવશે જેથી તેમનું ચોક્કસ લોકેશન સતત મળતુ રહેશે.

મતદારયાદીનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે ૨૫મી સપ્ટે.ના રોજ જે યાદી જાહેર કરાઈ છે તેમાં ૧૦.૪૬ લાખ નવા મતદારો નોંધાયા છે. આ ઝુંબેશનું સૌથી સારૂ પરિણામ એ છે કે ૩.૨૦ લાખ મતદારો ૧૮થી ૧૯ વર્ષની વયના નોંધાયા છે જે પ્રથમવાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ગુજરાતમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૪ કરોડ ૩૩ લાખ છે જેમાં ૨ કરોડ ૨૫ લાખ પુરૂષ મતદારો અને ૨ કરોડ ૦૭ લાખ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

૨૫ ઓક્ટો. સુધી નોંધણીની ઝુંબેશ લંબાવવામાં આવી હોવાનું પણ તેમણે કહ્યુ હતુ. તેમણે જણાવ્યું કે નામ કમી ન થાય તે માટે પુરતી કાળજી લેવા માટે બી.એલ.ઓ.ને ખાસ તાકીદે કરવામાં આવી છે. આ માટે પુરતી ચકાસણી કરાશે તે પછી જ નામ કમી કરવામાં આવશે. સમયસર નવા નોંધાયેલા મતદારોને એપિક કાર્ડ મળી જાય તે પણ જોવામાં આવશે અને તે માટે ઝુંબેશ સ્વરૂપે કામ કરવામાં આવશે.

દિવ્યાંગ, અશક્ત મતદારોને માટે પણ પુરતી કાળજી લેવાનું પંચે નક્કી કર્યુ છે અને તે માટે મતદાન મથક પર વ્હીલચેર, રેમ્પ તેમજ મદદનીશની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## મતની ગણતરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ કે ચૂંટણીને વધુ પારદર્શક બનાવવા અને ઈ.વી.એમ.ની વિશ્વસનીયતાને વધુ દઢ બનાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ઉમેદવાર તરફથી જો કોઈ એક બે બુથની રજુઆત આવશે તો તે અંગેનો નિર્ણય ચૂંટણી અધિકારી તમામને સાંભળી યોગ્ય નિર્ણય લઈ શકશે.

ચૂંટણી અધિકારીએ જ તે અંગે નિર્ણય લેવાનો છે તેવુ સ્પષ્ટ તેમણે કહ્યુ હતુ. રાજ્યસભાની ચૂંટણીને લઈ પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જવાબ આપવાનું ટાળતાં જણાવ્યું હતું કે રાજ્યસભાની ચૂંટણી હતી અને હાલ ગુજરાતની વડી અદાલતમાં તે અંગે કેસ ચાલુ છે એટલે તેઓ વધુ કંઈ કહેવા માંગતા નથી.

## નિમણુંક અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમ નાગરિકો આર ટી ઓ કચેરીમાં ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. બીજીતરફ ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં જ છેલ્લા ચાર વર્ષથી એ આર ટી ઓની જગ્યા ચાર્જમાં ચાલે છે. આ જગ્યાએ કાયમી અધિકારીની નિમણુંક કરવામાં આવી નથી. જો કે સમગ્ર રાજયમાં આ મામલે ૭૫ મંજુર જગ્યા સામે અંદાજે ૯ જેટલી જ જગ્યાએ નિમણુંક આપવામાં આવી છે. જો કે આ પૈકી મોટાભાગની ચાર્જમાં જ છે. ત્યારે આજે ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં વાહનવ્યવહાર મંત્રીના હસ્તે નવા અધિકારીઓને નિમણુંક પત્ર આપવામાં આવશે. જેના અંતે ગાંધીનગર આર ટી ઓ અધિકારીની જગ્યાએ કાયમી નિમણુંક આપવામાં આવે તેવી પણ સંભાવના છે.

## હેલ્લો ફ્રેન્ડ્સ ! ● ૪

પાનાનું ચાલુ...

થોડીવારમાં પછી એનાઉન્સમેન્ટ થાય અને થોડીવારમાં જ ત્યાં કોઈ ડાયમંડ કે પ્લેટિનમ એચિવર ત્યાં આવે છે. બે વર્ષ પહેલાં એની કેવી પરિસ્થિતિ હતી, સેકન્ડ હેન્ડ બાઈક પર ફરતો હતો, અચાનક કોઈકે આ કંપની વિશે જણાવ્યું અને એનું ભવિષ્ય બદલાઈ ગયું. એ અત્યારે સિઆઝ કાર લઈને આવ્યો છે...

બધા પાછા એમના આ બિઝનેશને કંપની કે ધંધો ન કહેતા ફેમીલી કહે છે. 'તમે આ કંપનીના નહીં પણ ફેમીલીના મેમ્બર છો' પછી એક ડાયમન્ડ એચિવર પદ પ્રાપ્ત થયેલો શ્રેષ્ઠ માણસ રાજાની જેમ પ્રકટ થાય, લોકો એને સ્ટેજ પર જઈને ગળે લાગે. પછી એ એકદમ ઉકળતી ચાની વરાળ જેવો ઉત્સાહથી બોલવા લાગે કે એને આ પરિવારનો કેટલો ઉપકાર છે. મને આ હોલમાં બેઠેલાં બધાં લોકોને ધનવાન થતાં જોવા છે. એક વર્ષ બાદ ફરી જયારે આપણે આ જ હોલમાં મળીએ ત્યારે બહાર પાર્કિંગમાં બધાંની મર્સિડીઝ પાર્ક થવી જોઈએ. અને એની વાતમાં ભોળવાયેલા લોકો પોતાની જાતને તરત જ મર્સિડીઝના સ્ટિયરીંગ પર બેઠેલાં જોવા લાગે છે...

હમણાં તો જેઓ અન્ય લોકોને મેમ્બર બનાવવાનો પ્રયત્ન કરે છે એમને પણ પકડીને જેલ ભેગાં કરાય છે. આપણી સરકારને આ ઉત્સાહી લોકોનો કેમ ત્રાસ થાય છે ? એ સમજાતું નથી, એક તો બિચારા પોતાના પૈસે મેમ્બર થાય. પછી પોતાના મિત્રો, ઑફિસ સ્ટાફ, સગાં વહાલાં બધાંને મેમ્બર બનાવે. ઘણીવાર આ મેમ્બર બનાવવા મેદાને પડેલા લોકોને, લોકો ટાળવા લાગે છે. એ લોકો પોતાના સગાં ગુમાવી દે છે. પ્રતિષ્ઠા પણ ગુમાવે છે, અને છતાંય તેઓ પ્રયત્ન છોડતાં નથી. પછી તો એમને એવું ઝનૂન ઉપડ છે કે સામે જ મળે બધાંને મેમ્બર બનાવવા માટે ધમપછાડા કરે છે. એકવાર એક બકરો બન્યો, એટલે એ એના પૈસા મેળવવા બીજાને હલાલ કરે છે!

પછી પરાણે ભરાયેલા લોકો નુકશાન વેઠીને એ ચેઈન તોડે છે, અને સરવાળે બીજા બધાંને એની અસર થતાં ફરિયાદ મળતા બંધ થાય છે. કોઈ એક્ટિવીસ્ટ પોલીસ ફરિયાદ કરે ત્યાં સુધી કંપનીનો માલિક તો રૂપિયા લઈ વિદેશ ફરાર થઈ જાય છે, અને દેશમાં કામ કરતા એજન્ટોને જેલની હવા ખાવી પડે છે.

આટલું થયા બાદ પણ મેમ્બર બનનારા લોકો તૈયાર જ હોય છે. એમને એમ જ લાગે છે કે અગાઉની કંપની ફ્રોડ હતી, આ નવી કંપની સરસ છે. ફરી નવેસરથી સેમિનાર શરૂ થાય છે, નવાં તાજાં બકરા હલાલ થવા ટાઈ પહેરીને આવી જાય છે.

ચૂંટલો :

મલ્ટીલેવલ માર્કેટિંગમાં મેમ્બર બનાવી રૂપિયા જલદી ભેંગા કરવાની લ્હાયમાં રૂપિયા અને સંબંધ બંને ગુમાવવા પડે છે. મર્સિડીઝના સપના બતાવતાં એ સેમિનારમાં કેટલા લોકોની પોતાની મારુતિ છે ? એટલું ચેક કરશો ને તો સંબંધ અને રૂપિયાની ચેન અકબંધ રહેશે!

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ